श्री मोरारिबापु के आशीर्वाद से प्रेरित
महुवा (जि. भावनगर) के
वंचित बच्चों के लिए निःशुल्क
शिक्षा सेवा केन्द्र ।

## व्यवस्थापन

श्री
# सुरभि
चेरिटेबल ट्रस्ट - महुवा

## सौजन्य

त्रिवेणी कल्याण फाउन्डेशन, मुंबई

आर.बी.के. एज्युकेशनल इन्स्टीट्युशन - मुंबई
(श्री हनुमंत हाईस्कूल, तलगाजरडा)

## सहायक संस्थान

विमल फाउन्डेशन, मुंबई

रुपारेल ग्रुप ओफ इन्डस्ट्रीझ, महुवा

छतरिया ग्रुप ओफ इन्डस्ट्रीझ, महुवा

वी.टी. फूड्स प्रा. लि, महुवा.

संगीतनी दुनिया, महुवा.

एवं अन्य.

धन्यवाद ।

13-8-2019

દરેક દિશાઓ માંથી અમોને શુભ અને સુંદર વિચારો પ્રાપ્ત થાઓ -ઋગ્વેદ

# શ્રી સુરભિ ચેરીટેબલ ટ્રસ્ટ - મહુવા

## (સુરભિ ગ્રુપ - મહુવા)

હાર્દિક અપીલ

::: આયોજીત :::

હાર્દિક અપીલ

# " વિદ્યાદાન યજ્ઞ "

ता. २५. ६. ०८
Sunday.

સુરભિ દ્વારા એક નવતર વિદ્યાદાન યજ્ઞનું આયોજન કરેલ છે. જેમાં ગુજરાતી/અંગ્રેજી માધ્યમના બાળમંદિરથી કોલેજ સુધીના વિદ્યાર્થી ભાઇ-બહેનો પાસેથી અભ્યાસલક્ષી સામગ્રી જેવી કે પાટી - પેન - પેન્સીલ - બોલપેન - પુસ્તકો - નોટબુક - ડ્રોઇંગ બુક - કલર - કંપાસ - વોટરબેગ - લંચબોકસ - સ્કુલબેગ - યુનીફોર્મ

**તેમજ**

શાળામાં પ્રવેશ મેળવતા નાના ભુલકાઓને પ્રોત્સાહિત કરવા માટે વિવિધ પ્રકારના રમકડાઓ પણ ખાસ એકત્રીત કરવાનું વિશિષ્ટ આયોજન કરેલ છે.

ઉપરોકત દરેક સામગ્રી એકત્રીત કરવા અમો આપના આંગણે ઉમદા હેતુ સાથે આવેલ હોય, તો આપ યથાશકિત અમારા આ વિદ્યાદાન યજ્ઞમાં આહુતી આપી જરૂરિયાત મંદ વિદ્યાર્થીઓને ઉજળી કારકિર્દી માટે વિદ્યાદાન કરી કૃતજ્ઞ બનશો.

શ્રી સુરભિ ચેરીટેબલ ટ્રસ્ટ - મહુવા આ સાથે સર્વોને હાર્દીક અપિલ કરે છે.

સુરભિ ગ્રુપ - પરિવાર સંપર્ક :- ૯૩૨૮૨ ૯૪૧૮૩

સુરભિ કાર્યાલય :- શ્રી સરદાર વલ્લભભાઇ પટેલ કોમ્યુનીટી હોલ,
ઓફીસ નં. ૨, પહેલા માળે, ગાંધીબાગ કોર્નર - મહુવા.

સમય : સાંજના ૪ થી ૬

SHREE RAM INFOSYS
Govt. Computer Cource
202, Gurudev Smruti,
Opp. Kuber baug, Ph. : 222348

(DOEACC Accreditation Centre)
- હાર્ડવેર ડીપ્લોમા • સોફટવેર ડીપ્લોમા
- CCC (સરકારી ભરતી માટે જરૂરી કોર્ષ)
- (એક માત્ર માન્ય સંસ્થા-મહુવા તાલુકા)

SHREE - 98986 22722

### મહુવામાં સુરભી ચેરી.ટ્રસ્ટ દ્વારા શિક્ષણ સેવા અભિયાન

# બાળકોને મદદ માટે હાથ ન લંબાવવો પડે તે માટે નિયમિત શાળાએ મોકલજો: બાપુ

## પૂ.મોરારિબાપુની ઉપસ્થિતિમાં બાળકો-વાલીઓને સંસ્કાર શિક્ષણમાં પ્રોત્સાહિત કરવા યોજાયો કાર્યક્રમ

મહુવા બ્યુરો | 29 માર્ચ



પુ.મોરારિબાપુની પ્રેરણા અને આશિર્વાદથી મહુવામાં સુરભી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા છેલ્લા 9 વર્ષથી મહુવા શહેર તથા આસપાસમાં વસતા તદન દરિદ્ર નારાયણ છેવાડાના બાળકોને ઉમદા સંસ્કાર શિક્ષણ અપાવવાનું નિઃશુલ્ક શિક્ષણ સેવા અભિયાન ચાલી રહ્યું છે.તાજેતરમાં પૂ.મોરારિબાપુની પાવન નિશ્રામાં શ્રીનાથ બાવાજી સંપ્રદાયના લાભાર્થી બાળકો, વાલીઓ તેમજ આ વિસ્તારમાં વસતા પુરા સમાજ પરિવારને સંસ્થા ધ્વારા આમંત્રિત કરીને શિક્ષણ માટે પ્રોત્સાહિત કરવાનો સમારંભ યોજાઈ ગયેલ.

પુ.મોરારિબાપુએ વંચિત જૂથના આ સેંકડો બાળકોને શિક્ષણ માટે પ્રોત્સાહિત કરવા મનનીય પ્રવચન ધ્વારા બાળકો તેમજ વાલીઓને શિક્ષણ પ્રત્યે જાગૃત કરેલ. બાળકોને નિત્ય પ્રાર્થનાનો એક શ્લોકનું પઠન કરાવી નિરંતર શિક્ષણનું જીવનમાં ખૂબજ મહત્વ છે. તે સમજાવેલ તેમજ બાળકોના વાલીઓને જો આપના સંતાનને બાળ મજૂરી, ભિક્ષાવૃતિ કે બીજાની મદદના સહારે હાથ લંબાવવા મજબુર ન કરાવવા ઈચ્છતા હો તો બાળકોને નિયમિત શાળાએ મોકલજો અને જે પણ વ્યસનો હોય તે છોડજો. પુ.મોરારિબાપુએ સુરભિ ચેરિટેબલની ટીમને છેવાડાના બાળકો માટે શિક્ષણના પાયાના અને પવિત્ર કાર્ય માટેના પુરૂષાર્થને આશીર્વાદ સહ સાધુવાદ આપેલ તેમજ આ કાર્ય માટે જયારે પણ મદદની જરૂર જણાય ત્યારે ચિત્રકૂટધામનો સંપર્ક કરવા જણાવ્યું હતું.

જેસરમાં વિનામલ્યે સિદ્ધિ-નિયક્તિ-આવકાર

તા: 30. 3. 2022

સૌરાષ્ટ્ર સમાચાર

09-05-2022

### શિક્ષણ સાથે અપાય છે સંસ્કાર

# તલગાજરડામાં તકવંચિત બાળકોને વિનામૂલ્યે અભ્યાસ

## ટ્રસ્ટે શાળાના 135થી વધારે બાળકોને કોરોના કાળમાં શેરી શિક્ષણ પણ આપ્યું

મહુવા બ્યુરો | 8 મે

પૂ. મોરારિબાપુના આશીર્વાદ અને પ્રેરણાથી હનુમંત હાઈસ્કૂલ, તલગાજરડા (ગુજરાતી પ્રા.શાળા) 2014થી વંચિતજૂથના ગરીબ બાળકોને આર.બી.કે. એજ્યુકેશનલ ઈન્સ્ટીટ્યુશન ના સંચાલન ધ્વારા સુવિધાયુક્ત નિઃશુલ્ક શિક્ષણ સંસ્કાર પ્રાપ્ત થઈ રહયું છે.

શાળા પરિવાર ધ્વારા ચાલુ શૈક્ષણિક વર્ષ 2021-22 એક વર્ષ માટે સુરભિ ચેરિટેબલ ટ્રસ્ટ, મહુવાને શાળાનું સંચાલન સોંપવામાં આવેલ. ટ્રસ્ટે શાળાના 135 થીવધારે બાળકોને જુલાઈથી જાન્યુ.દરમ્યાન કોરોનાને કારણે શાળા બંધ હોવાથી દરેક બાળકોને 'શેરી શિક્ષણ' આપેલ ત્યારબાદ શાળા શરૂ કરી વાર્ષિક પરીક્ષા લઈને વિદ્યાર્થીઓને આગામી શૈક્ષણિક સત્રમાં ભણવા માટે તૈયાર કરેલ છે. સંસ્થાના આ 'નિઃશુલ્ક શિક્ષણ સેવા' અભિયાન માટે શ્રી ત્રિવેણી કલ્યાણ ફાઉન્ડેશન-મુંબઈ, વિમલ ફાઉન્ડેશન-મુંબઈ, રૂપારેલ ગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રીઝ, શ્રીરામ ફુડઝ પ્રા.લિ., વી.ટી.ફુડઝ પ્રા. લિ. તથા સંગીતની દુનિયા તરફથી નિરંતર આર્થિક સહયોગ પ્રાપ્ત થઈ રહ્યો છે.

09-05-2022

શિક્ષણ સાથે અપાય છે સંસ્કાર

તલગાજરડામાં તકવંચિત બાળકોને વિનામૂલ્યે અભ્યાસ

ટ્રસ્ટે શાળાના 135થી વધારે બાળકોને કોરોના કાળમાં શેરી શિક્ષણ પણ આપ્યું

મહુવા બ્યુરો | 8 મે

પૂ. મોરારિબાપુના આશીર્વાદ અને પ્રેરણાથી હનુમંત હાઈસ્કૂલ, તલગાજરડા (ગુજરાતી પ્રા.શાળા) 2014થી વંચિતજૂથના ગરીબ બાળકોને આર.બી.કે. એજ્યુકેશનલ ઈન્સ્ટીટ્યુશન ના સંચાલન ધ્વારા સુવિધાયુક્ત નિઃશુલ્ક શિક્ષણ સંસ્કાર પ્રાપ્ત થઈ રહયું છે.

શાળા પરિવાર ધ્વારા ચાલુ શૈક્ષણિક વર્ષ 2021-22 એક વર્ષ માટે સુરભિ ચેરિટેબલ ટ્રસ્ટ, મહુવાને શાળાનું સંચાલન સોંપવામાં આવેલ. ટ્રસ્ટે શાળાના 135 થીવધારે બાળકોને જુલાઈથી જાન્યુ.દરમ્યાન કોરોનાને કારણે શાળા બંધ હોવાથી દરેક બાળકોને 'શેરી શિક્ષણ' આપેલ ત્યારબાદ શાળા શરૂ કરી વાર્ષિક પરીક્ષા લઈને વિદ્યાર્થીઓને આગામી શૈક્ષણિક સત્રમાં ભણવા માટે તૈયાર કરેલ છે. સંસ્થાના આ 'નિઃશુલ્ક શિક્ષણ સેવા' અભિયાન માટે શ્રી ત્રિવેણી કલ્યાણ ફાઉન્ડેશન-મુંબઈ, વિમલ ફાઉન્ડેશન-મુંબઈ, રૂપારેલ ગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રીઝ, શ્રીરામ ફુડઝ પ્રા.લિ., વી.ટી.ફુડઝ પ્રા. લિ. તથા સંગીતની દુનિયા તરફથી નિરંતર આર્થિક સહયોગ પ્રાપ્ત થઈ રહ્યો છે.

प्रेरित



જરૂરીયાતમંદ છાત્રો માટે

23.5.05
સંદેશ

# ઘરે-ઘરે ફરી અભ્યાસલક્ષી સામગ્રી એકત્રિત કરતું મહુવાનું સુરભી ગૃપ

મહુવા તા. ૨૨

મહુવાની સામાજીક સંસ્થા સુરભા ગૃપ મહુવા દ્વારા ગત રવિવારન રોજ મધર્સ ડે ના શુભ દિને મહુવાના ઈતિહાસમાં સર્વ પ્રથમવાર એક નવતર વિદ્યા દાન યજ્ઞ યોજાઈ ગયેલ.

સંસ્થાના દરેક સદસ્યો સવારના ૯-૩૦ કલાકથી મોરારીબાપુના નિવાસ કૈલાસ ાસેથી આ વિદ્યાદાન યજ્ઞનો પ્રારંભ કરેલ. માં સુરભી સદસ્યો ઘરે ઘરે ગરીબ તેમજ ધ્યમવર્ગના વિદ્યાર્થી ભાઈ-બહેનો માટે ભ્યાસની દરેક સામગ્રી જેવી કે પેન્સીલ, લપેન, નોટબુક્સ, ટેક્સબુક, ગાઈડો, ીંગબુક, કંપાસ સ્કુલ બેગ, સ્કુલ ફોર્મ, વોટર બેગ, લન્ચ બોક્સ વિગેરે ારવાની ટહેલ નાખતા જ સૌ નગરજનોએ આ ઉમદા કાર્યને વધાવી લીધેલ. ગરીબ-મધ્યમ વર્ગના મા-બાપ આ મોંઘવારીના સમયમાં પોતાના સંતાનોનું ભવિષ્ય ઉજળુ બનાવવા જેમ તેમ કરીને તેઓને ભણાવતા હોય છે. તેવા તમામ જરૂરીયાતમંદ વિદ્યાર્થી ભાઈ-બહેનો બાળકો માટે જ ચૈત્ર માસના આ ધોમ ધગતા તડકાની પણ પરવા કર્યા વિના સુરભિના જવાનો સતત ૮ કલાક સુધી પદયાત્રા કરી અભ્યાસ સામગ્રી એકઠી કરતા રહેલ. જેને નગરજનો તરફથી જબ્બર પ્રતિસાદ સાંપડેલ.

**મોરારીબાપુએ પ્રસ્થાન કરાવેલા વિદ્યાદાન યજ્ઞને નગરજનોનો જબરો પ્રતિસાદ**

આ વિદ્યા દાન યજ્ઞને સફળ બનાવવા માટે સંસ્થાના ઉત્સાહી પ્રમુખ ભુપતભાઈ બારૈયા, મંત્રી હરદેવસિંહ જાડેજા તથા પ્રોજેકટ ચેરમેન જીજ્ઞેશ જે. મહેતા તથા સાથી સદસ્યો અલ્પેશભાઈ સી. દોશી, દીપકભાઈ જગડ, હરેશભાઈ દોશી, ધર્મેન્દ્રભાઈ દોશી, નીતીનભાઈ પારેખ, નિરવભાઈ ત્રિવેદી, મહેશભાઈ વોરાએ સારી એવી જહેમત ઉઠાવેલ. તથા અન્ય સદસ્યો મનહરભાઈ વોરા તથા નીતીનભાઈ મહેતાએ પણ હાજરી આપેલ.

વિદ્યાદાન યજ્ઞના પ્રોજેકટ માટે સંસ્થાના મહુવા નાગરિક સહકારી બેંક લી. મહુવા તરફથી આર્થિક સહયોગ પ્રાપ્ત થયેલ. તેમનો પ્રમુખ ભુપતભાઈ બારૈયાએ સુરભી પરિવાર તરફથી આભાર વ્યક્ત કરેલ.

## મહુવામાં સુરભી ગૃપ દ્વારા યોજાયેલ વિદ્યાદાનયજ્ઞ




મહુવા તા.૧૩ (સૌ.સ.બ્યુરો)

સુરભી ગ્રુપ ...

17.5.05

# મહુવામાં ઝુંપડપટ્ટીના ૧૨ બાળકો દત્તક લેવાયા



સુરભિ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત બાળ સંસ્કાર કેન્દ્ર કે જે છેલ્લા ૬ માસથી ઝુંપડપટ્ટીમાં ચાલી રહ્યું છે તેના માધ્યમથી સાત કુમાર અને પાંચ કન્યા સહિત ૧૨ બાળકોને દત્તક લઇ ભુતા બાળ મંદિરમાં સંસ્થાના પ્રમુખ રાજેશ શાહ, મંત્રી પરેશ ચૌહાણ, મનહર ડી. વોરા, ભૂપતભાઇ બારૈયાની ઉપસ્થિતમાં પ્રવેશ અપાયો ત્યારની તસવીર. ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિનો આર્થિક સહયોગ મળ્યો છે. બાળકોને વાહનમાં શાળાએ લઇ જવા, યુનિફોર્મ સહિતની સુવિધા ત્રિવેણી કલ્યાણ ફાઉન્ડેશન મુંબઇ, મધુકરભાઇ બી. પારેખના સહયોગથી કરાશે.

(લવજી પરમાર)

મુંબઈ જન્મભૂમિ ના. ૨૨/૬/૧૩. માં આવેલ

# મહુવાની ઝુંપડપટ્ટીના વિદ્યાર્થીનો શાળા પ્રવેશોત્સવ

ગુજરાત સમાચાર 30.6.13



# सुरभि चेरीटेबल ट्रस्ट महुवा द्वारा विद्यादान यज्ञ आयोजित



छाया : लवजी परमार

महुवा। महुवा की सामाजिक संस्था सुरभि चेरीटेबल ट्रस्ट द्वारा हाल ही में विद्यादान यज्ञ का आयोजन किया गया। जिसमें कक्षा–1 से स्नातक तक के सभी विद्यार्थियों के लिए उपयोगी हो सकें ऐसी अध्ययनलक्षी सामग्री शहर के सुखी–सम्पन्न परिवारों के घर–घर घूमकर एकत्र की गई।

मोरारीबापू के निवास स्थान (कैलाश) के पास से इस विद्यादान रथ का श्रेष्ठ शिक्षक अवार्ड विजेता रमणीकभाई जोशी तथा प्रो. एन.एन. व्यास ने प्रस्थान कराया। जिसके फलस्वरूप नगरजनों की ओर से विशाल संख्या में विद्यार्थियों के लिए उपयोगी सामग्री प्राप्त हुई। संस्था के इस कार्य के लिए महुवा की अग्रणी सामाजिक संस्था सेठ मनजीभाई नथूभाई सार्वजनिक ट्रस्ट द्वारा मुख्य आर्थिक सहयोग प्राप्त हुआ। विद्यार्थीलक्षी कार्य के लिए इस संस्था के अध्यक्ष मनहर डी. वोरा, प्रो. चेयरमैन किरीटभाई मेहता तथा उनकी टीम के भूपतभाई बारैया, चेतनभाई सोपारिया, कल्पेश बुसा, योगेश मेहता, ज्योतिन्द्र जॉनी, हरदेवसिंह जाडेजा, विपुल सेठ तथा सुरभि वॉलेंटियर महिलाओं एवं बाल सुरभि के उत्साही बालकों आदि ने तपतपाती धूप में प्रशंसनीय कार्य किया।

विद्यादान रथ के इस कार्य के लिए महुवा की सामाजिक संस्था सेठ मनजीभाई नथूभाई सार्वजनिक ट्रस्ट के ट्रस्टी दिलीपभाई लहेरी, सादिकभाई मरचन्ट, राकेश दोशी, दानदाताओं और नगरजनों द्वारा सहयोग दिए जाने के बदले संस्था के मैनेजिंग ट्रस्टी जिज्ञेश जे. मेहता ने आभार व्यक्त किया है।

---

વધારેલ છે.(૧૧.૨) શૌચાલયના સુવિધા આપવા માગણી કરી પહેલા લાયલ જ્યારે ભમરીયા કુવાના તથા

# મહુવા સુરભિ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા અભ્યાસલક્ષી સામગ્રી એકત્ર કરીને વિતરણ



(લવજી પરમાર દ્વારા) મહુવા તા. સુરભિ ચેરીટેબલ ટ્રસ્ટ - મહુવા દ્વારા વિદ્યાદાન યજ્ઞ યોજાઈ ગયેલ. જેમાં ધો. ૧થી સ્નાતક સુધીના અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થી ભાઈ-બહેનો માટે ઉપયોગી થઈ શકે તેવું અભ્યાસલક્ષી સામગ્રીઓ શહેરના પરિવારનો ઘરે ઘરે ફરી એકત્રીત કરવામાં આવી હતી.

પૂ. મોરારીબાપુના નિવાસસ્થાન (કૈલાસ) પાસેથી પ્રારંભ થયેલ. આ વિદ્યાદાન અને શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ વિજેતા રમણીકભાઈ જોશી તથા પ્રો. એન.એન.વ્યાસના હસ્તે પ્રસ્થાન કરવામાં આવેલ. જેની ફળશ્રુતીરૂપે નગરજનો તરફથી બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓલક્ષી દરેક સામગ્રી રૂપે પ્રાપ્ત થઈ હતી.

સંસ્થાની આ કામગીરી માટે શેઠશ્રી મનજીભાઈ નથુભાઈ સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા મુખ્ય આર્થિક સહયોગ પ્રાપ્ત થયેલ. વિદ્યાર્થીલક્ષી કામગીરી માટે આ સંસ્થાના પ્રમુખ મનહર ડી. વોરા તથા પ્રો. ચેરમેન કિરીટભાઈ મહેતા તથા તેમની ટીમ - ભુપતભાઈ બારૈયા, ચેતનભાઈ સોપારીયા, કલ્પેશ બુસા, યોગેશ મહેતા, જ્યોતિન્દ્ર જાની, હરદેવસિંહ જાડેજા, વિપુલ શેઠ તથા સુરભિ વોલેન્ટીયર બહેનો તથા બાળ સુરભિના ઉત્સાહી બાળકો વીકી, ભોલુ, સંગીત, કાવ્ય (વડોદરા) ભાવિન વિગેરે જોડાયા હતા.

વિદ્યાદાન રથની આ કામગીરી માટે મહુવાની સામાજીક સંસ્થા શેઠ મનજીભાઈ નથુભાઈ સાર્વજનિક ટ્રસ્ટના ટ્રસ્ટી દિલીપભાઈ લહેરી તથા સાદીકભાઈ મર્ચન્ટ તથા રાકેશ દોશી તથા દાતાશ્રીઓ અને નગરજનોનો સહકાર આપવા બદલ સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી જીજ્ઞેશ જે. મહેતાએ આભારની લાગણી વ્યકત કરી હતી.(૨૧.૬)

સાંધ્ય દૈનિક, અકિલા. રાજકોટ તા. ૨૧।૬ ૨૦૦૬

લવજીભાઈ વી. પરમાર
ન્યુઝ પેપર એજન્ટ
મો. નં. ૯૮૭૯૨ ૨૫૧૧૮



તા. ૦૩-૦૭-૨૦૧૩

## સંદેશ

બાળકોના જીવન-ઉપવનને પલ્લવિત રાખનારી જડીબુટ્ટી એટલે શિક્ષણ. સમાજને વિકાસની વાટે લઈ જતો પ્રવાહ એટલે ભણતર. આવા ભણતર થકી નવી પેઢીમાં સંસ્કાર, કૌશલ્ય અને ચારિત્રનું ચણતર થાય ત્યારે સમાજ અને સરકારનું કાર્ય સાર્થક થયું ગણાય. સમાજનું કોઈ અંગ અજ્ઞાનની પંગુતા ભોગવતું રહે એ ક્યારેય ન પાલવે. સમાજના સમૃદ્ધ સમજુ અને સખાવતી ભાવના ધરાવતા નાગરિકો સંસ્કારજ્ઞાનના યજ્ઞમાં આગળ આવે ત્યારે સમાજકાર્યની શોભા વધી જાય છે. સોનામાં સુગંધ ભળ્યાનો મહાયોગ સર્જાય છે.

**શ્રી સુરભિ ચેરીટેબલ ટ્રસ્ટ, મહુવા** પ્રત્યેક વરસે પ્રાથમિક શાળાના બાળકોને અભ્યાસલક્ષી સામગ્રીના નિઃશુલ્ક વિતરણની પ્રોત્સાહક કામગીરી કરવાની સાથે સાથે ગરીબ બાળકોને શાળાપ્રવેશ અંતર્ગત ગણવેશ તેમજ અન્ય સામગ્રી પણ સુજ્ઞ દાતાઓના સહયોગથી ઉપલબ્ધ કરાવે છે. સંસ્થા દ્વારા થતા આ કાર્યમાં નગરજનો, અધિકારીઓ અને દાતાઓની ઉપસ્થિતિ અનેરો ઉત્સાહ પેદા કરનારી બને છે. સુરભિ બાળ સંસ્કાર કેન્દ્રના માધ્યમ થકી ત્રિવેણી કલ્યાણ ફાઉન્ડેશન દ્વારા બાળકોને ઉપલબ્ધ કરાયેલ સુવિધા દાન માટે અભિનંદન પાઠવતાં આનંદ અનુભવું છું.

સૌનો,

(નરેન્દ્ર મોદી)

પ્રતિ,
શ્રી રાજેશભાઈ શાહ, પ્રમુખ
શ્રી સુરભિ ચેરીટેબલ ટ્રસ્ટ,
શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ કોમ્યુનિટી હોલ,
પહેલા માળે, ઓફિસ નં. ૨, ગાંધી બાગ પાસે
મહુવા-૩૬૪૨૯૦

નરેન્દ્ર મોદી
મુખ્ય મંત્રી, ગુજરાત રાજ્ય